નોર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઈ સંચાલિત

# શ્રી અને શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ, પાટણ

તા.૧૫/૧૦/૨૦૨૪

## SC-ST :કોલરશીપ મેળવતા તમામ વિદ્યાર્થીઓ માટે શિષ્યવુતિ નું ઓનલાઈન ફોર્મ ભરવા અંગેની જરૂરી સૂચના

**ખાસ નોંધ :–** ઓનલાઈન શિષ્યવૃતિ ફોર્મ **Digital Gujarat Portal** પર ભરવાના રહેશે. ઓનલાઈન **શિષ્યવૃત્તિ ફોર્મ ભરતા પહેલા ફરજિયાતપણે જરૂરી સૂચનાઓ કોલેજની વેબસાઈટ / નોટીસ બોર્ડમાં વાંચ્યા પછી શિષ્યવૃત્તિ ફોર્મ ભરવા જવું.**

☞**પ્રથમ વિદ્યાર્થીઓએ Digital Gujarat Portal વેબસાઈટ Citizen તરીકે નવા રજીસ્ટ્રેશન શિષ્યવૃત્તિ ફોર્મ માટે રજીસ્ટ્રેશન કરાવતી વખતે આધાર નંબર, ઈ–મેઈલ આઈ.ડી. અને મોબાઈલ નંબર વિદ્યાર્થીનો પોતાનો જ હોવાં ફરજિયાત છે. જેમાં વિદ્યાર્થીઓને SMS થી શિષ્યવૃત્તિની તમામ માહિતી તે જ મોબાઈલ નંબર ઉપર આપવામાં આવશે. જયાં સુધી શિષ્યવૃત્તિ / સહાય મળી ન જાય ત્યાં સુધી સદરહુ મોબાઈલ નંબર ચાલુ હાલતમાં રાખવાનો રહેશે. આ અંગેની સઘળી જવાબદારી જે–તે વિદ્યાર્થીની રહેશે.**

ઓનલાઈન **શિષ્યવૃત્તિ** ફોર્મ ભરીને કોઈએ Confirm (કન્ફોમ) કરાવવું નહિં, તે પહેલા કોલેજમાં ફોર્મ કેવી રીતે ભરેલ છે, **તે ફોર્મનાં નમૂનાની કોપી કોલેજની વેબસાઈટ / કોલેજના નોટીસ બોર્ડમાં મુકેલ છે.** તો ભરેલ ફોર્મનો નમૂનો વિદ્યાર્થીએ જાતે કોલેજના નોટીસ બોર્ડમાં જોઈને, ચેક કર્યા બાદ જ ફાઈનલ **Confirm** (ફાઈનલ સબમીટ) આપવાનું રહેશે. ત્યારબાદ જ જરૂરી પુરાવા ફોર્મ સાથે જોડી કોલેજમાં જમા કરવવાની વિગત વાર સૂચના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવશે.

☞ **નોંધ** :– સરકારશ્રીના આદેશ અનુસાર કોઈપણ વિદ્યાર્થીને એક વર્ષમાં એક પ્રકારની જ શિષ્યવૃત્તિ મળવાપાત્ર છે. આવા પ્રકારની શિષ્યવૃત્તિની **સહાય** માટે **રાજય સરકારની એક કરતાં વધુ વિભાગોમાંથી શિષ્યવૃત્તિ / સહાય લેવી ગુનો બને છે. તો તે માટે ગમે તે એક જ શિષ્યવૃત્તિનું ફોર્મ ભરવાનું રહેશે. વિદ્યાર્થીએ અન્ય કચેરીમાં અરજી કરેલ કે સહાય મેળવેલ ન હોવી જોઈએ.** તો તે અંગેની સઘળી જવાબદારી જે તે વિદ્યાર્થીની રહેશે.

# શ્રી અને શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ, પાટણ

## બેંક એકાઉન્ટ માટેની ખાસ અગત્યની સૂચના

☞ ઓનલાઈન ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીએ પોતાની જે બેંકનાં ખાતામાં વ્યવહારો ચાલુ હોય, તેમજ બેન્કમાં એવરેજ બેલેન્સ મેઈન્ટેઈન રાખતા હોય, તેમજ ફરજિયાત દર ત્રણ માસમાં બેંકમાં લેવડ–દેવડ ચાલુ રાખતા હોય તથા બેન્ક સાથે આધારકાર્ડ લીન્કડ (સીડીંગ) હોય તે જ બેંક એકાઉન્ટની વિગત નાંખવાની રહેશે.

જો બેન્ક એકાઉન્ટ સાથે આધારકાર્ડનું લીન્કીંગ બાકી હોય તો, તાત્કાલિક પોતાની બેન્કને જરૂરી વિગતો પૂરી પાડીને બેન્ક એકાઉન્ટ સાથે આધારકાર્ડ લીન્ક કરાવવાની જવાબદારી વિદ્યાર્થીની પોતાની જ રહેશે.

☞ ઘણા વિદ્યાર્થીઓએ પોતાનું બેંક ખાતુ લાંબા સમયથી ઓપરેટ કરેલ ન હોય (એટલે કે બેંક ખાતામાં પૈસા ઉપાડવાનો જમા કરવાનો કોઈ વ્યવહાર કરેલ ન હોય ) તેઓના ખાતા ડોરમેન્ટ કે સ્થગિત થઈ ગયેલ હોય છે. આવા ખાતામાં શિષ્યવૃત્તિ જમા થઈ શકતી નથી જેથી તમામ વિદ્યાર્થીઓએ શિષ્યવૃત્તિનું ફોર્મ ભરતી વખતે પોતાનુ ખાતુ ડોરમેન્ટ કે સ્થગિત થઈ ગયેલ નથી તેની ખાતરી બેંકમાં ખાસ કરી લેવાની રહેશે જેથી ઓનલાઈન શિષ્યવૃત્તિ જમા કરતી વખતે મુશ્કેલી ઊભી ન થાય. તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી વિદ્યાર્થીની પોતાની રહેશે.

ઘણી બધી બેંક મર્જ(ભેગી) થઈ જવાના કારણોસર વિદ્યાર્થીઓના ખાતા નંબર બદલાઈ ગયા હશે, તો વિદ્યાર્થીએ પોતાની નવી બેંકની નવા ખાતા નંબરવાળી પાસબૂકની વિગતો (ખાતા નંબર, બેંકનું નામ, IFSC કોડ વગેરે..) જ ઓનલાઈન ભરવાની / અપલોડ કરવાની રહેશે.

ભારત સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવતિ યોજના અંતર્ગત કેન્દ્ર સરકારશ્રી દવાર ૬૦ ટકા શિષ્યવૃતિનું ચુકવણું આધાર બેઝ જ કરવામાં આવનાર છે એટલે કે વિદ્યાર્થીનું આધાર કાર્ડ જે બેંક સાથે લીંક હોય તે બેંક ખાતામાં શિષ્યવૃતિની ચુકવણી  કરવામાં આવશે.આથી તમામ વિદ્યાર્થીઓને ખાસ જણાવવામાં આવે કે જે વિદ્યાર્થીઓએ આધાર અને બેંક ખાતાનું લીકીંગ કરાવેલ ના હોય તેઓએ તાત્કાલિક કરાવી લેવાની રહેશે.

# શ્રી અને શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ, પાટણ

☞ વિદ્યાર્થીએ Online ફોર્મ ભરતા પહેલા નીચે મુજબની વિગતો ધ્યાને રાખવી તથા નીચે મુજબના તમામ **અસલ સર્ટિફિકેટ / ડોક્યુમેન્ટ** સ્કેન કરીને ફરજિયાત અપલોડ કરેલા હોવા જોઈએ

☞**ફક્ત અનુસૂચિત જાતિ અને અને અનુસૂચિત જન જાતિઓના વિદ્યાર્થીઓ માટે જ** **આવકનો દાખલા અસલ** અપલોડ કરેલ હોવો જોઈએ.
ફક્ત કુમારો (ભાઈઓ) **માટે** પિતા / વાલીની આવક મર્યાદા **રૂા.૨,૫૦,૦૦૦/– છે.**

☞ **અનુસૂચિત જાતિ SC અને અને અનુસૂચિત જન જાતિ STની બહેનો માટે કોઈ આવક મર્યાદા નથી.**
પરતું જેના પિતા / વાલી **સરકારી નોકરી કરતા હોય** તેવા વિદ્યાર્થીના પિતા / વાલીના આવકના દાખલાની સાથે આવક અંગેનું **ઈન્કમટેક્ષ ફોર્મ નં.–૧૬ની નકલ** અપલોડ કરીને સ્વપ્રમાણિત નકલ કોલેજમાં ફોર્મ સાથે પણ આપવાની રહેશે. જે વિદ્યાર્થીના પિતા નોકરી કરતા નથી તેઓએ સક્ષમ અધિકારી જેવા કે **મામલતદાર , તાલુકા વિકાસ અધિકારી અને તલાટીનો નો ત્રણ વર્ષનો હોય તો તા. ૧/૪/૨૦૨૨ પછીનો હોવો જોઈએ અને જો તલાટીનો એક વર્ષનો હોય તો ૧/૧૦/૨૦૨૩ પછી નો હોવાો જોઈએ**

☞ જે વિદ્યાર્થીના પિતા હયાત ન હોય તો તેવા કિસ્સામાં પિતાનાં મૃત્યુનું પ્રમાણપત્ર અને જો માતા–પિતાએ છૂટાછેડા લીધા હોય તો તેનો આદેશ/આધાર રજૂ કરવો તો જ માતાનો આવકનો દાખલો માન્ય રહેશે. ઉપરોકત દસ્તાવેજોની બન્ને અસલ કોપી આવકના દાખલા ની સાથ PDF ફાઈલ બનાવીને અપલોડ કરવી

☞ **આધારકાર્ડ (યુનિક આઈ. ડી.)** અપલોડ કરવું.

☞ બેંકનો IFSC CODE વાળી પેજની ખાતા નંબરની પાસબુક અસલ અપલોડ કરેલ હોવી જોઈએ.

☞ **જાતિનો દાખલો**(સક્ષમ અધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ) અસલ અપલોડ કરવો.

☞ શાળા **છોડયાનું પ્રમાણપત્ર (એલ.સી.)** અસલ અપલોડ કરવું.

☞ **કોલેજની ચાલુ વર્ષની જે તે સેમેસ્ટરની ફી ભર્યાની અસલ પાવતીઓ** અપલોડ કરવી.

☞ ઓનલઈન ફોર્મ ભરતી વખતે તમે છેલ્લે જે તે પરીક્ષા આપી હોય તેની અસલ માર્કશીટ અપલોડ કરવી.

☞ **હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીએ હોસ્ટેલર્સ અંગેનું સર્ટિફિકેટ Digital Gujarat Portal પરથી ડાઉનલોડ કરીને સબંધિત સંસ્થાના ગૃહપતિના કર્મચારીના સહી / સિક્કા કરાવીને સ્કેન કરીને અપલોડ કરવાનું રહેશે.**

☞ **હોસ્ટેલ અંગેનું ઓરીજનલ પ્રમાણપત્ર આપવાનું રહેશે.** હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીએ **હોસ્ટેલની ઓરીજનલ ફી પાવતી** અપલોડ કરવી.

☞ **જો અભ્યાસમાં ગેપ કે બ્રેક હોય તો તેવા તમામ વિદ્યાર્થી ભાઈ–બહેનોએ સ્ટેમ્પ પર સોગંદનામું જોડવું, તે સોગંદનામું આખું ઓરીજનલ (અસલ) ઓનલાઈન અપલોડ કરવું.**

☞**જો કોઈ વિદ્યાર્થીનીના લગ્ન થયા હોય તો તેમની લગ્ન નોંધણીની પાવતી અપલોડ કરી આવકનો દાખલો પતિનો અપલોડ કરવાનો રહેશે.**

# શ્રી અને શ્રીમતી પી.કે.કોટાવાલા આર્ટ્સ કોલેજ, પાટણ તા.૧૫/૧૦/૨૦૨૪

**ફક્ત એસ.સી, એસ.ટી જાતિનાં તમામ વિદ્યાર્થીઓ માટે જ**

**ઓનલાઈન ફોર્મ ભરીને તેની પ્રિન્ટ આઉટ સાથે નીચેના પુરાવાઓની નકલો ક્રમબધ્ધ જોડીને આપવાના રહેશે.**

(૧) ઓનલાઈન ફોમની બે (૨) નકલ ઓફીસમાં જમા કરાવવાની રહેશે.

(૨) ચાલુ સેમેસ્ટરની ફી ભર્યાની પાવતીની સ્વપ્રમાણિત નકલ.

(૩) જાતિનો દાખલોનો સ્વપ્રમાણિત નકલ .

(૪) પિતા/વાલીનો આવકનો દાખલોની સ્વપ્રમાણિત નકલ,
(જે વિધાર્થીના પિતા હયાત ન હોય તેઓએ માતાનો આવકનો દાખલો,ઉપરાંત <u>પિતાના મરણના દાખલાની નકલ સાથે રેશનકાર્ડની નકલ પણ રજૂ કરવાની રહેશે.)</u>

(૫) આધારકાર્ડની સ્વપ્રમાણિત નકલ.

(૬) શાળા છોડયાનું પ્રમાણપત્ર (એલ.સી.)ની સ્વપ્રમાણિત નકલ.

(૭) બેંકની પાસબુકની સ્વપ્રમાણિત નકલ .

(૮) ધોરણ ૧૦ થી જે પણ અભ્યાસ કર્યો હોય તે તમામ વર્ગની માર્કશીટોની સ્વપ્રમાણિત નકલો.


(૯) (જો અભ્યાસમાં તુટ અથવા ગેપ હોય તો જ) તો તેવા તમામ વિધાર્થી ભાઈ–બહેનોએ સ્ટેમ્પ પર સોગંદનામું જોડવું જે સોગંદનામું અપલોડ કરેલ હોય તેની સ્વપ્રમાણિત નકલ.

(૧૦) જો હોસ્ટેલમાં રહેતા હોય તો હોસ્ટેલ અંગેનું ઓરીજનલ પ્રમાણપત્ર આપવાનું રહેશે.

દરેક ડોકયુમેન્ટસમાં <u>સ્વપ્રમાણિત </u>લખી<u>, સહી કરી,</u>પછી જ ડોકયુમેન્ટસ જમા કરાવવા.

**સ્વપ્રમાણિત નકલ કરવા માટે નમુનો**

☞ સ્વ પ્રમાણિત



(ઠાકોર નરેશકુમાર લક્ષ્મણજી)

d:\2024-2025\sc st scholarship\sc -st scholarship notice.docx

# શ્રી અને શ્રીમતી પી.કે.કોટાવાલા આર્ટ્સ કોલેજ, પાટણ તા.૧૫/૧૦/૨૦૨૪

**ફકત એસ.સી, એસ.ટી જાતિનાં તમામ વિધાથી ભાઈ/બહેનો માટે જ**

| નિયામક, અનુસૂચિત જાતિ (SC) કલ્યાણ, ગુજરાત રાજય ગાંધીનગર | | | | |
|---|---|---|---|---|
| Digital Gujrat Portal મારફત online હોય તેવી પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ/ સહાય યોજનારોની વિગત વર્ષઃ– ૨૦૨૪– ૨૫ | | | | |
| અનું | યોજનાનું નામ | આવક મર્યાદા | કુમાર/ કન્યા | રીમાર્કસ |
| 1 | Post matric scholarship for SC students (GOI) (BCK-6.1) | રૂ. ૨.૫૦ લાખ | કુમાર/કન્યા | કોલેજ કક્ષાના અભ્યાસક્રમોમાં મળવાપાત્ર |
| 2 | Food Bill Assistance to SC students (BCK-10) | રૂ. ૪.૫૦ લાખ | કુમાર/કન્યા | સંસ્થા(કોલેજ)સંલગ્ન છાત્રાલયમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓજને જ ભોજનબીલ મળવાપાત્ર છે. |
| 3 | Post Matric Scholarhip for SC Girls Students Only (Having anual Family Income more tan 2.50 lac) (State Govenment Scheme) (BCK-5) | રૂ. ૨.૫૦ લાખ | કન્યા | કોલેજ કક્ષાના અભ્યાસક્રમોમાં મળવાપાત્ર |

| નિયામકશ્રી, આદિજાતિ (ST) વિકાસની કચેરી, ગુજરાત રાજય ગાંધીનગર | | | | |
|---|---|---|---|---|
| Digital Gujrat Portal મારફત online હોય તેવી પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ/ સહાય યોજનારોની વિગત વર્ષઃ– ૨૦૨૪–૨૫ | | | | |
| અનું | યોજનાનું નામ | આવક મર્યાદા | કુમાર/ કન્યા | રીમાર્કસ |
| 1 | Umbrella Scheme for education of ST Students Post-Matric scholarhip | રૂ. ૨.૫૦ લાખ સૂધી | કુમાર/કન્યા | કોલેજ કક્ષાના અભ્યાસક્રમોમાં મળવાપાત્ર |
| 2 | Post Matric Scholarship for ST Girls((Having anual Family Income more than 2.50 lac) | રૂ. ૨.૫૦ લાખથી વધૂ | કન્યા | કોલેજ કક્ષાના અભ્યાસક્રમોમાં મળવાપાત્ર |
| 2 | Food Bill Assistance to ST students | | કુમાર/કન્યા | સંસ્થા(કોલેજ)સંલગ્ન છાત્રાલયમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓજને જ ભોજનબીલ મળવાપાત્ર છે. |

## સુચના

### અનુસુચિત જાતિ અને અનુસૂચિત જન જાતી માટે

ઓનલાઈન **શિષ્યવૃત્તિ** ફોર્મ ભરીને કોઈએ Confirm (કન્ફોમ) કરાવવું નહિં, તે પહેલા કોલેજમાં ફોર્મ કેવી રીતે ભરેલ છે, **તે ફોર્મનાં નમૂનાની કોપી કોલેજની વેબસાઈટ / કોલેજના નોટીસ બોર્ડમાં મુકેલ છે.** **તો ભરેલ ફોર્મનો નમૂનો વિધાર્થીએ જાતે કોલેજના નોટીસ બોર્ડમાં જોઈને, ચેક કર્યા બાદ જ ફાઈનલ Confirm (ફાઈનલ સબમીટ) આપવાનું રહેશે.** ત્યારબાદ જ જરૂરી પુરાવા ફોર્મ સાથે જોડી કોલેજમાં જમા કરવવાની વિગત વાર સૂચના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવશે.જેની વિધાર્થીઓએ નોંધ લેવી.

ખાસ નોંધઃ– ઓનલાઈન શિષ્યવૃતીના ફોર્મમાં તમામ ડોકયુમેન્ટ અસલ (ઓરીઝનલ) જ અપલોડ કરવાના રહેશે. .જેની વિધાર્થીઓએ નોંધ લેવી.